# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),

SGCCI

"સમૃધ્ધિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


---

રેફ નં. તા: ૧૪/૦૨/૨૦૨૨

તંત્રીશ્રી, ______________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(ડે. સેક્રેટરી)

---

## ઇન્વોઇસનો રેકોર્ડ સચવાયેલો રહેશે તો જ જીએસટી ક્રેડીટ મળશે : નિષ્ણાંત

### ચેમ્બર દ્વારા 'જીએસટીની જટીલતાઓ' વિશે સેમિનાર, વેપારીઓને જાગૃત કરાયા

**સુરત.** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા રવિવાર, તા. ૧૩ ફેબ્રુઆરી ૨૦૨૨ ના રોજ સવારે ૧૦:૦૦ કલાકે મનભારી ફાર્મ, વીઆઇપી રોડ, સુરત ખાતે 'જીએસટીની જટીલતાઓ' વિષય ઉપર સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ચેમ્બરની જીએસટી કમિટીના ચેરમેન ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ મુકુંદ ચૌહાણે વેપારીઓને જીએસટી કાયદાની વિવિધ જટીલતાઓ વિશે સમજણ આપી હતી.

સીએ મુકુંદ ચૌહાણે જણાવ્યું હતું કે, વેપારીઓ દ્વારા સમયસર જીએસટી રિટર્ન નહી ભરાય તો ડિપાર્ટમેન્ટ દ્વારા બેંક એકાઉન્ટને એટેચ કરવામાં આવે છે. જે વેપારીઓ માટે ખૂબ જ ચિંતાજનક બાબત કહેવાય છે. આથી વેપારીઓએ આ મામલે સાવચેત રહેવું જોઇએ અને સમયસર જીએસટી રિટર્ન ફાઇલ કરવું જોઇએ. તેમણે જણાવ્યું હતું કે, વેપારીઓ દ્વારા જે પણ ઇન્વોઇસ બનાવવામાં આવે છે અને પેમેન્ટ કરવામાં આવે છે તેનો ઓછામાં ઓછા પાંચ વર્ષ સુધીનો રેકોર્ડ સાચવી રાખવો જોઇએ. જીએસટી ઓડીટ વખતે આ રેકોર્ડ ખૂબ જ કામ લાગે છે. જો આવો રેકોર્ડ રજૂ કરવામાં વેપારીઓ સક્ષમ નહી થાય તો તેમને જીએસટીની ક્રેડીટ ગુમાવવાનો વારો આવી શકે છે. તેમણે વેપારીઓ માટે ખૂબ જ ઉપયોગી એવી મુવર્સ સ્કીમ વિશે વિસ્તૃત સમજણ આપી હતી.

ચેમ્બરના ઉપપ્રમુખ હિમાંશુ બોડાવાલાએ ઉપરોક્ત સેમિનારમાં સ્વાગત પ્રવચન કર્યું હતું. ચેમ્બરની ટેકસટાઇલ ટ્રેડીંગ કમિટીના કો–ચેરમેન તેમજ સુરત મર્કન્ટાઇલ એસોસીએશનના પ્રમુખ નરેન્દ્ર સાબુએ સર્વેનો આભાર માની સેમિનારનું સમાપન કર્યું હતું.